science**xpress**

## Biodiversity Special

www.sciencexpress.in

૩ સપ્ટેમ્બર 2013

પ્રતિ,

............................

**વિષય : 'સાયન્સ એક્સપ્રેસ – બાયોડાયવર્સિટી સ્પેશિયલ' પ્રદર્શન ટ્રેન**

શ્રીમાન/શ્રીમતી,

'સાયન્સ એક્સપ્રેસ – બાયોડાયવર્સિટી સ્પેશિયલ' એ ભારત સરકારનાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તથા પર્યાવરણ અને વન મંત્રાલયનો સંયુક્ત અભિગમ છે, જે વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર (VASCSC), અમદાવાદ દ્વારા સંચાલિત છે. આ એક વિશિષ્ટ 16 વાતાનુકુલિત કોચ ધરાવતી રેલગાડીમાં મઢેલું જૈવવિવિધતા અને આબોહવા પરિવર્તન વિષય પર કેન્દ્રિત કરતું અજોડ વિજ્ઞાન પ્રદર્શન છે.

સાયન્સ એક્સપ્રેસ એ ઓક્ટોબર 2007થી આજ સુધી 320 સ્થળોએ 103 લાખથી વધારે લોકોએ મુલાકાત લીધેલું ભારતનું સૌથી મોટું, લાંબુ ચાલતુ અને સૌથી વધુ મુલાકાતીઓ ધરાવતું ફરતું વિજ્ઞાન પ્રદર્શન છે. આ પ્રદર્શન, 9 એપ્રિલ થી 28 ઓક્ટોબર 2013નાં વર્તમાન તક્કામાં ભારતભરમાં 62 સ્થળોએ ફરશે. SEBS નો મુખ્ય હેતુ ભારતની જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન અને એને લગતાં બીજા મુદ્દાઓ વિશે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને લોકોમાં જાગરૂકતા પેદા કરવાનો છે. SEBS 2013નું ગુજરાતમાં સમયપત્રક નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| વલસાડ | : | 19 – 21 સપ્ટેમ્બર 2013 |
| નવસારી | : | 22 – 25 સપ્ટેમ્બર 2013 |
| વડોદરા | : | 26 – 28 સપ્ટેમ્બર 2013 |
| લીંચ (મહેસાણા પાસે) | : | 17 ઓક્ટોબર 2013 |
| ભક્તિનગર (રાજકોટ) | : | 18 – 19 ઓક્ટોબર 2013 |
| જૂનાગઢ | : | 20 – 22 ઓક્ટોબર 2013 |
| ભાવનગર | : | 23 – 25 ઓક્ટોબર 2013 |
| આદરજ મોટી (કલોલ પાસે) | : | 26 – 27 ઓક્ટોબર 2013 |
| ગાંધીનગર | : | 28 ઓક્ટોબર 2013 |

પ્રદર્શન સમય : સવારે 10:00 થી સાંજના 5:00 પ્રદર્શન સ્થળ: જે તે શહેરનું રેલ્વે સ્ટેશન

આપ સૌને, ખાસ કરીને વિદ્યાર્થીઓ અને શિક્ષકોને SEBS 2013ની મુલાકાત લેવા માટે આમંત્રણ છે. પ્રદર્શન જોવા માટે કોઈ પ્રવેશ ફી નથી. આ વિશેની વધુ માહિતી www.sciencexpress.in પર ઉપલબ્ધ છે. આપ sciencexpress@gmail.com ઉપર ઈ-મેઈલ કરી શકો અથવા ટ્રેન પર મેનેજરનો મોબાઈલ નં. 09428405407, 09428405408 ઉપર સંપર્ક સાધી શકો. શિક્ષકોએ તાલીમ કાર્યક્રમમાં અથવા 'જૉય ઓફ સાયન્સ' લેબમાં ભાગ લેવા માટે અગાઉથી મેનેજરનો સંપર્ક કરવો. આ સાથે SEBSની નોંધ અને સમયપત્રક તથા નોટિસ બોર્ડ માટે પોસ્ટર બિડેલ છે.

મોટી સંખ્યામાં લોકોને આ પ્રદર્શન જોવાનો લાભ મળે એ માટે મોટા પાયે પ્રસિદ્ધિ કરવા અમે આપ સૌના સહકારની અપેક્ષા રાખીએ છીએ.

આપનો વિશ્વાસુ,

દિલીપ સુરકર
નિયામક

**Vikram A Sarabhai Community Science Centre**
Opp. Gujarat University, Navrangpura, Ahmedabad - 380 009, India
Tel: +91 79 26302914, 26302085 Fax: +91 79 26306497 Email: vascsc@gmail.com Web: www.vascsc.org